Extra No. 147

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] WEDNESDAY, MARCH 18, 2026 / PHALGUNA 27, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

આદેશ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૨૦૨૬

વંચાણમાં લીધા: રાજ્ય ચૂંટણી આયોગના પત્ર ક્રમાંક : રાચઆ-ચટણ-સ્થા.સ્વ.-મતય-૧(૪)-૦૨૨૦૨૬-ક/ ૫૧૨૧ થી ૫૧૮૦, તા.૦૩-૦૩-૨૦૨૬

ક્રમાંક: રાચઆ-ચટણ-મનપા-મતય-૧(૪)-૦૩૨૦૨૬-ક-૭૭૯૮ થી ૭૮૮૦:-

૧. રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ (ગાંધીનગર અને જૂનાગઢ સિવાય) ની સામાન્ય ચૂંટણી સને ૨૦૧૧ની વસ્તી ગણતરી આધારે હાલમાં અમલમાં હોય તે સીમાંકન મુજબ યોજવાની થાય છે. ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની અદ્યતન સ્થિતિની પ્રસિદ્ધ થયેલ મતદારયાદી પરથી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૮ તથા બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ના (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ની જોગવાઇ અનુસાર મહાનગરપાલિકાઓની ફોટોવાળી મતદારયાદી તૈયાર કરી, પ્રસિદ્ધ કરવાની થાય છે.

૨. ગુજરાત વિધાનસભાની અદ્યતન સ્થિતિની આખરી પ્રસિદ્ધ થયેલી (પુરવણી સહિતની) મતદારયાદીના આધારે બંધારણની કલમ-૨૪૩-વક તથા ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૮, બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ના (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ની જોગવાઇ મુજબ મહાનગરપાલિકાઓના તમામ વોર્ડ/વિભાગવાર મતદારયાદી તૈયાર કરી તા.૨૩/૦૩/૨૦૨૬ના રોજ મુસદ્દારૂપ મતદારયાદી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી તેમજ ઝોનલ અને વોર્ડની કચેરીએ તથા મતદાર નોંધણી અધિકારી નક્કી કરે તે સ્થળોએ પ્રસિદ્ધ કરવાની રહેશે અને તેની જાણ આયોગને કરવાની રહેશે.

૩. બોમ્બે પ્રોવિન્શિયલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ના નિયમ ૫ ધ્યાને લઇ પ્રાથમિક મતદારયાદીમાં સુધારો કરવાનો રહેશે.

૪. બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ના નિયમ-૬ની જોગવાઇ મુજબ ઉમેદવારી પત્ર રજૂ કરવાની છેલ્લી તારીખના દશ (૧૦) દિવસ પહેલાં પુરવણી સહિતની આખરી મતદારયાદી પ્રસિદ્ધ કરવાની રહેશે. તે પછી મહાનગરપાલિકાની ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી, આવી મતદારયાદીમાં કોઇ ઉમેરો અથવા ફેરફારો અથવા સુધારો કરવો જોઇશે નહિ.

૫. બોમ્બે પ્રોવેન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ (વખતોવખત સુધાર્યા પ્રમાણે) ના નિયમ-૭ અનુસાર આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદી (પૂરવણી સહિત) ની નકલ રાજ્ય ચૂંટણી આયોગને તથા સંબંધકર્તાઓને આપવાની રહેશે.

૬. શહેર ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રીએ આ આદેશ અનુસાર કાર્યવાહી કરવા સંબંધિત મહાનગરપાલિકાના મતદાર નોંધણી અધિકારી અને કમિશનરશ્રીને આ આદેશની નકલ આપી તે અનુસાર થયેલ અમલવારીની માહિતી અત્રે પણ મોકલવાની રહેશે.

આ આદેશ પ્રમાણે વખતોવખત પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓ સંબંધે તેમજ ઉક્ત નિયમો અનુસાર કાર્યવાહી કરી રાજ્ય ચૂંટણી આયોગને વિગતો મોકલવાની રહેશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,
સચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.04.02 20:43:26 IST